**બિડાણ:**(૧) સંયુકત સચિવશ્રી(મ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૬.૧૧.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક/પરચ/૧૦૨૦૧૫/૧૨૨૩/ક

(૨) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૩.૦૩.૨૦૧૬નો પત્ર શેરા ક્રમાંક: પરચ/ ૧૩૨૦૧૬/૫૬૧/મ.૩

**વિષય :** રાજય સરકારમાં વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની તમામ જગ્યાઓની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાત ( interview ) ની જોવગાઈ રદ કરવા બાબત..

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/** ૩૪૮૪-૫૩૩ **/૨૦૧૬.** **તારીખ:૦૫/૦૩/૨૦૧૬.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાના</u>:–** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

***<u>૨/– આ સાથે સંયુકત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગરના તા.૦૬.૧૧.૨૦૧૫ના પત્રમાં જણાવેલ વિગત અન્વયે જાણ થવા સારુ.</u>***

રાજ્ય સરકારમાં વર્ગ -૩ અને વર્ગ-૪
સંવર્ગની તમામ જગ્યાઓની ભરતી
પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાત (interview)
ની જોગવાઇ રદ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૧૫-૧૨૨૩-ક
સચિવાલય-ગાંધીનગર
તારીખ:- ૦૬-૧૧-૧૫

આમુખ :

રાજ્ય સરકારમાં વર્ગ-૧ થી વર્ગ-૪ ની વિવિધ જગ્યાઓ પર જે તે જગ્યાના ભરતી નિયમોમાં નિયત કરેલ રેશીયો મુજબ સીધી ભરતી તથા બઢતીથી નિમણૂંક કરવામાં આવે છે.સંબંધિત જગ્યાના ભરતી નિયમોના આધારે તે જગ્યાના ભરતી પરીક્ષા નિયમો ઘડવામાં આવે છે અને તે મુજબ સીધી ભરતીથી નિમણુંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ , ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તથા રાજ્ય સરકારે નિયત કરેલ અન્ય ભરતી એજન્સીઓ મારફત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. તેમાં નિયત કરવામાં આવેલ ભરતી પ્રક્રિયા અનુસાર વિવિધ ભરતી એજન્સીઓ દ્વારા પરીક્ષા લેવામાં આવે છે. વર્ગ-૩ ની જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક માટે પરીક્ષા લેવામાં આવે છે, અને પરીક્ષાના પરિણામને આધારે મેરીટ પ્રમાણે નિમણૂંક આપવામાં આવે છે. આમ છતાં રાજ્ય સરકારના કેટલાક વર્ગ-૩ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં પરીક્ષા અને ત્યારબાદ રૂબરૂ મુલાકાત (interview)ની જોગવાઇ કરવામાં આવેલ છે. જ્યારે વર્ગ-૨ અને વર્ગ-૧ ની જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક માટે પરીક્ષા અને ત્યારબાદ રૂબરૂ મુલાકાત બાદ મેરીટના આધારે પસંદગી પામતા ઉમેદવારોને સીધી ભરતીથી નિમણૂંક આપવામાં આવે છે.

તાજેતરમાં માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારમાં નિમ્ન કક્ષાની (વર્ગ-૩ અને વર્ગ-૪) જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક માટેની પ્રક્રિયામાં 'રૂબરૂ મુલાકાત' ની જોગવાઈ રદ કરવા અને ફક્ત ગુણવત્તા (મેરીટ) ના આધારે જ સીધી ભરતીથી નિમણૂંક કરવા જણાવેલ છે . આ સંદર્ભે રાજ્ય સરકારના સીધી ભરતીના વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગના ભરતી પરીક્ષા નિયમોમાં જ્યાં રૂબરૂ મુલાકાત (interview) ની જોગવાઈ હોય ત્યાં તે રદ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાના અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

પડ૨/મ.૩
૩/૩/૧૬

ઠરાવ :-

રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક માટેના ભરતી પરીક્ષા નિયમો (સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો) માં જ્યાં 'રૂબરૂ મુલાકાત' (interview) ની જોગવાઈ હોય ત્યાં તે જોગવાઈ રદ કરવામાં આવે છે. વર્ગ-૩ અને વર્ગ-૪ માં સીધી ભરતીથી નિમણૂંક કરવાની હોય ત્યાં ભરતી પ્રક્રિયામાંથી રૂબરૂ મુલાકાત ની જોગવાઈ દૂર કરી ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે પસંદગી કરવાની રહેશે. તમામ વિભાગોએ વર્ગ-૩ અને વર્ગ-૪ ના સંબંધિત ભરતી પરીક્ષા નિયમોમાં જો રૂબરૂ મુલાકાતની જોગવાઈ હોય તો તેમાં સામાન્ય વહિવટ વિભાગના પરામર્શમાં સુધારો કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડ્યા)
સંયુક્ત સચિવશ્રી(મ)
સામાન્ય વહિવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
•સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

---

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૬/૫૬૧/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૩/૦૩/૨૦૧૬

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / કામધેનૂ યુનિવર્સિટી
- સેક્શનઅધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

> ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

A-3
3 MAR 2016